# ટેક્ષ ટુડે

RNI No.GUJGUJ/2016/74805

e-mail: taxtodayuna@gmail.com
e-mail: editor@taxtoday.co.in
www.taxtoday.co.in

પ્રતિશ્રી,

Tax Today (Monthly)

(ટેક્ષ સંલગ્ન તથા અન્ય મહત્વના સમાચાર પ્રસિદ્ધ કરતું માસિક)

◆ વર્ષઃ ૯ ◆ અંકઃ ૦૩ ◆ સળંગ અંકઃ ૯૮ ◆ તા.૧૮/૦૧/૨૦૨૫, શનિવાર ◆ પાના-૪ ◆ છૂટક અંકની કિંમત રૂા.૨૦ ◆ વાર્ષિક લવાજમ રૂા.૨૦૦/- (કુરીયર સાથે રૂા.૩૦૦/-)

◆ તંત્રી-માલિક અને પ્રકાશકઃ ભવ્ય દિપકભાઇ પોપટ ◆ પ્રકાશન સ્થળઃ ૨૦૨-૨૦૩, ધ્રુવ કોમ્પ્લેક્ષ, પોલીસ લાઇન સામે, ઉના, જી.ગીર સોમનાથ-૩૬૨૫૬૦

◆ ફોન : ૦૨૮૭૫-૨૨૧૭૦૦, ફેક્સઃ ૦૨૮૭૫-૨૨૧૭૦૦, મો. : ૯૯૨૪૧ ૨૧૭૦૦ ◆ મુદ્રણ સ્થળ : પ્રથમેશ ઓફસેટ, ગોંદરા ચોક, ઉના.

Post. Regn. No. G-JND/338/2020-2022. - Office of posting Una Post Office on 3rd Monday of Every Month


# જીએસટીબીએ અને બીટીબીએ દ્વારા જ્ઞાનોદય પાઠશાળા કાર્યક્રમ યોજાયો









ધ ગુજરાત સ્ટેટ ટેક્ષ બાર એસોસિએશન અને બરોડા ટેક્સ બાર એસોસિએશન, બરોડાના સંયુક્ત ઉપક્રમે જીએસટી કાયદા અન્વયે રમેશ એમ શાહ જ્ઞાનોદય પાઠશાળા યોજાઇ તા-૦૪-૦૧-૨૦૨૫ શનિવારના રોજ વાણિજ્ય ભવન, વડોદરા મુકામે જીએસટીબીએ પ્રમુખ શૈલેષભાઇ મકવાણા, કન્વીનર બાલમુકુન્દ શાહ, શશાંક મીઠાઈવાલા,ઉપ પ્રમુખ નરેન્દ્ર કરકર,બીટીએ પ્રમુખ અજીતભાઈ તિવારી, બીટીએ મંત્રી મુકેશભાઈ શર્મા, વક્તાશ્રી સીએ તપસ રૂપારેલિઆ અને એડવોકેટ સમીરભાઈ સિદ્ધપુરિયા ના વરદ હસ્તે જ્ઞાનોદય પાઠશાળા ઉદઘાટિત કરેલ..

જીએસટી અન્વયે ચેટજીપીટી વિષય પર વક્તા શ્રી સીએ તપસ રૂપારેલિઆ અને તાજેતર ના જીએસટી કાઉન્સિલ ના સુધારા પર એડવોકેટ શ્રી સમીરભાઈ સિદ્ધપુરિયા એ ઉમદા અને રસપ્રદ વકતવ્ય આપી સૌ ઉપસ્થિત ટેક્ષ વ્યવસાયિઓને મંત્ર મૃગ્ધ કરી દીધેલ.

આ પ્રસંગે જીએસટીબીએ ના સભ્યોમા પ્રિતેશ ગાંધી, અમૃતભાઈ પ્રજાપતિ, જયેશ શાહ, જીતુભાઇ પટેલ, નિશાંત શાહ, અમિત સોની, રાહુલ ભાવસાર, ગિરીશ ઠક્કર બંને એસોસિએશનના કારોબારી સભ્યો, જનરલ સભ્યો વડોદરા,અમદાવાદ, આણંદ, નડિયાદ, ગોધરા, ટેક્ષ વ્યવસાયિઓ મોટી સંખ્યામાં જોડાઈ આ સેમિનાર ને સફળ બનાવેલ.

**અમિત સોની, ટેક્સ ટુડે**

# સ્થાવર મિલ્કતના ભાડા ઉપર જી.એસ.ટી.ની જવાબદારી



By Prashant Makwana, Advocate

**તારીખ ૧૬/૦૧/૨૦૨૫**

**પ્રસ્તવના**

૧૮/૦૭/૨૦૨૨થી રેસિડેન્શિયલ પ્રોપર્ટી ભાડે આપવામાં આવે ત્યારે તેના GST રેટમાં ફેરફાર કરવામાં આવ્યો છે. ૫૪મી GST કાઉન્સિલ મીટીંગમાં ઈમમુવેબલ પ્રોપર્ટી ભાડે આપવામાં આવે ત્યારે તેના GST રેટમાં ફેરફાર કરવામાં આવ્યો છે, જે ૧૦/૧૦/૨૦૨૪ લાગુ થઇ ગયો છે. ૧૦/૧૦/૨૦૨૪ થી ઈમમુવેબલ પ્રોપર્ટી ભાડે આપવા માં આવે ત્યારે તેના પર FCM (Forward Charge Mechanism) મુજબ ટેક્ષ કયારે લાગશે, RCM (Reverse Charge Mechanism) મુજબ ટેક્ષ કયારે લાગશે અને તેનો GST દર કેટલો હશે તેની માહિતી આ આર્ટીકલ માં આપવામાં આવી છે.

- ઈમમુવેબલ પ્રોપર્ટી રેન્ટ પર આપવામાં આવે ત્યારે તેને સપ્લાય ઓફ સર્વિસ ગણવામાં આવે છે . અને તેના પર ૧૮ % લેખે GST લાગે છે.
- ઈમમુવેબલ પ્રોપર્ટી બે પ્રકાર ની હોય છે (૧) રેસિડન્સ પ્રોપર્ટી (૨) કોમેર્શીયલ પ્રોપર્ટી

**(૧) રેસિડન્સ પ્રોપર્ટી**

- **રેસિડન્સ પ્રોપર્ટી માટે ભાડે લેનાર GSTમાં નોંધાયેલ હોય તો**
  ભાડે આપનાર GSTમાં નોંધાયેલ હોય કે નો હોય
  ભાડે લેનારે ૧૮% લેખે RCM (Reverse Charge Mechanism)માં ટેક્ષ ભરવાનો થાય.
- **રેસિડન્સ પ્રોપર્ટી માટે ભાડે લેનાર GSTમાં નોંધાયેલ નથી અને તેનો ઉપયોગ રહેવા માટે થતો હોય તો,**
  ભાડે આપનાર GSTમાં નોંધાયેલ હોય કે નો હોય
  GST લાગે નહિ.
- **રેસિડન્સ પ્રોપર્ટી માટે ભાડે લેનાર GSTમાં નોંધાયેલ નથી અને તેનો ઉપયોગ કોમર્શીયલ થતો હોય તો,**
  ભાડે આપનાર GSTમાં નોંધાયેલ હોય તો ૧૮% FCM (Forward Charge Mechanism)માં GST ભરવાનો થાય,
  ભાડે આપનાર GSTમાં નોંધાયેલનો હોય તો GST ભરવાનો નો થાય.

**(૨) કોમેર્શીયલ પ્રોપર્ટી**

- **કોમર્શિયલ પ્રોપર્ટી માટે ભાડે આપનાર GSTમાં નોંધાયેલ હોય તો**
  ભાડે લેનાર GSTમાં નોંધાયેલ હોય કે નો હોય
  ૧૮% FCM (Forward Charge Mechanism) મુજબ ટેક્ષ ભરવાનો થાય
- **કોમર્શિયલ પ્રોપર્ટી માટે ભાડે આપનાર GSTમાં નોંધાયેલ નો હોય તો**
  ભાડે લેનાર GSTમાં નોંધાયેલ હોય તો ૧૮% RCM (Reverse Charge Mechanism) મુજબ ટેક્ષ ભરવાનો થાય,
  ભાડે લેનાર GSTમાં નોંધાયેલ નો હોય તો GST લાગે નહિ.
- **કોમર્શિયલ પ્રોપર્ટી માટે ભાડે લેનાર GSTમાં નોંધાયેલ હોય તો**
  અને ભાડે આપનાર GSTમાં નોંધાયેલનો હોય તો ભાડે લેનારે ૧૮% RCM (Reverse Charge Mechanism) મુજબ ટેક્ષ ભરવાનો થાય,અને
- **ભાડે આપનાર GSTમાં નોંધાયેલ હોય તો**
  ૧૮% FCM (Forward Charge Mechanism) મુજબ ટેક્ષ ભરવાનો થાય.




- **કોમર્શિયલ પ્રોપર્ટી માટે ભાડે લેનાર GSTમાં નોંધાયેલ નો હોય અને ભાડે આપનાર GST નોંધાયેલ હોય તો**
  ૧૮% FCM (Forward Charge Mechanism) મુજબ ટેક્ષ ભરવાનો થાય
  ભાડે આપનાર GST નોંધાયેલ નો હોય તો GST લાગે નહિ.
- GST રજીસ્ટ્રેશન માટે ૨૦ લાખની લીમીટ છે તે રેન્ટમાં પણ લાગુ પડશે એટલે કે કોય વ્યક્તિને ફક્ત રેન્ટની આવક હોય અને તે ૨૦ લાખથી ઓછી હોય તો GST રજીસ્ટ્રેશનની જરૂર નથી અને GST લાગતો નથી.
- GSTમાં નોંધાયેલ વ્યક્તિને બીઝનેસની સાથે રેન્ટની આવક હોય તો એવા કિસ્સામાં રેન્ટની આવક ૨૦ લાખથી ઓછી હોય તો પણ GST ૧૮% લાગે.
- જયારે ધંધાની જગ્યા સંમતી પત્ર દ્વારા અકેજ ફેમીલી મેમ્બર પાસેથી વગર ભાડે ઉપયોગ થતી હોય ત્યારે તે Deemed Supply કહેવાય અને તેના પર પણ GST લાગે. રેસિડન્સ અથવા કોમર્સિયલ મિલકત જયારે સંમતી પત્ર દ્વારા GSTમાં નોંધાયેલ વ્યક્તિ ધંધો કરવા માટે ઉપયોગમાં લેવામાં આવે ત્યારે તે નોંધાયેલ વ્યક્તિએ RCM અથવા FCMમાં Deemed Supply ગણીને ટેક્ષ ભરવો પડે.
- ભાડાની જગ્યા લઈને ધંધો કરતા હોય તે કરદાતા એ FCM અથવા RCMમાં ટેક્ષ ભરવા માટે જવાબદાર થતા હોય તેમને જાન્યુઆરીથી માર્ચ-૨૦૨૫ સુધીમાં ટેક્ષ ભરી દેવો હિતાવહ રહેશે.

**(લેખક થાન ખાતે ટેક્સેશન ઉપર પ્રેક્ટિસ કરે છે અને ટેક્સ ટુડેના નિયમિત લેખક છે. આ લેખમાં આપવામાં આવેલ અભિપ્રાય તેઓના ટેક્સ વ્યવસાયી તરીકે અંગત અભિપ્રાય છે)**

# ઈન્કમ ટેક્સ નોટિસથી બચવા આ બાબતો અંગે રાખો ખ્યાલ!!

## ઈન્કમ ટેક્સ નોટિસથી દૂર રહેવા રાખો આર્થિક વ્યવહારો કરવામાં સાવચેતી. કહેવાય છે ને After all prevention is better than Cure!!

**તા. ૦૩.૦૧.૨૦૨૫**

Happy New Year!! સાથે સૌ 'ટેક્સ ટુડે' અને ફૂલછાબના વાંચકોને નવું વર્ષ શુભમય નીવડે તેવી શુભેચ્છાઓ. આ તકે ફૂલછાબમાં ટેક્સ અંગેની કટાર લખવા અંગેની તક આપવા માટે ફૂલછાબ મેનેજમેંટ, તંત્રીશ્રી, ફૂલછાબના પત્રકાર તથા મારા મિત્ર એવા નિલયભાઈ ઉપાધ્યાય અને સમગ્ર ફૂલછાબ ટીમનો ખાસ આભાર. અને હા, આજે ફૂલછાબ સાથેનો આ લગભગ ૧૫૮ મો લેખ લખતા વિશેષ આભાર આપ સૌ વાચક મિત્રોનો કે જેઓ ટેક્સેશન અંગેના વિવિધ વિષયો ઉપર લેખ લખવા બાબતે પ્રેરણા આપતા રહ્યા છે.

ઈન્કમ ટેક્સ હેઠળ નોટિસ આવે ત્યારે વ્યક્તિ તાણ અનુભવતો હોય છે તે સામાન્ય બાબત છે. એક ટેક્સ એડવોકેટ તરીકેની પ્રેક્ટિસ દરમ્યાન અમારી સામે અવારનવાર એવા કેસ આવતા હોય છે જ્યાં ઈન્કમ ટેક્સ નોટિસ આવવાના કારણે વ્યક્તિએ ખાવા-પીવાનું તથા આરામ છોડી દીધેલ હોય. ઈન્કમ ટેક્સ કાયદા હેઠળ અમુક ભૂલો એવી હોય છે જે થઈ જાઈ પછી તેનો કોઈ ઈલાજ નથી અને આ ભૂલો વ્યક્તિઓ માટે ખૂબ મુશ્કેલ સાબિત થતી હોય છે. આજે આ લેખમાં એવી ભૂલો વિષે સામાન્ય લોકોને માહિતી આપવા પ્રયાસ કરવામાં આવ્યો છે. ઈન્કમ ટેક્સ હેઠળ અલગ અલગ પ્રકારની નોટિસ આપવામાં આવતી હોય છે. પરંતુ આકારણી તથા ફેર આકારણીની નોટિસો ઈન્કમ ટેક્સ અન્વયે સૌથી ગંભીર નોટિસો ગણવામાં આવતી હોય છે. આ આકારણી અને ખાસ કરીને ફેરઆકારણીની નોટિસ સામાન્ય રીતે એવા કરદાતાને આપવામાં આવતી હોય છે જેણે ઈન્કમ ટેક્સ હેઠળ અમુક એવા વ્યવહારો કર્યા છે જે વ્યવહારો અંગેની જાણ નિયત વ્યક્તિ/સંસ્થા દ્વારા ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેંટને કરવી ફરજિયાત હોય છે. આવા વ્યવહાર કર્યા હોય અને જે તે વર્ષનું ઈન્કમ ટેક્સ રિટર્ન કરદાતા દ્વારા ભરી આપવામાં આવ્યું હોય તો નોટિસ આવવાની શક્યતા ઓછી રહેતી હોય છે. પરંતુ આ પ્રકારે નિયત વ્યવહાર કર્યા હોવા છતાં તે વર્ષ માટે ઈન્કમ ટેક્સ રિટર્ન ભરવામાં ના આવે ત્યારે ઈન્કમ ટેક્સ હેઠળ આકારણી/ફેરાકારણી માટેની નોટિસ કરદાતાને આપવામાં આવતી હોય છે. અગાઉ આકારણી વર્ષના છ વર્ષ સુધી ફેર આકારણી માટેની નોટિસો આપવામાં આવતી હતી. આ સમય મર્યાદામાં સુધારો કરી ૦૧ એપ્રિલ ૨૦૨૧ બાદ આ પ્રકારે ફેર આકારણીની નોટિસ આપવાની સમય મર્યાદા જે તે આકારણી વર્ષથી ત્રણ વર્ષ કરી આપવામાં આવી છે.

ઈન્કમ ટેક્સ ફેર આકારણીની નોટિસથી દૂર રહેવા નીચેના વ્યવહારો




વિષે સમજણ મેળવવી ખૂબ જરૂરી છે.

### એવા વ્યવહારો જેના કારણે ઈન્કમ ટેક્સ નોટિસ આવવાની સંભાવના રહેતી હોય છે

૧. રોકડમાં ૧૦ લાખ કે તેથી વધુ રકમ ના ''ડ્રાફ્ટ'' કોઈ પણ બેન્ક ખાતામાંથી નિકાળવામાં આવ્યા હોય. આ ઉપરાંત કોઈ એક ખાતામાં અથવા એકથી વધુ કરંટ એકાઉન્ટમાં નાણાકીય વર્ષમાં ૫૦ લાખ કે તેથી વધુ રકમ રોકડમાં જમા કરવામાં આવે અથવા રોકડ ઉપાડ કરવામાં આવ્યા હોય.

૨. ૧૦ લાખ કે તેથી વધુ રકમ નાણાકીય વર્ષમાં કરંટ કે ફિક્સ ડિપોઝિટ સિવાયના (એટલેકે સેવિંગ બેન્ક, રિકરિંગ ખાતું વી) કોઈ એક ખાતામાં અથવા એકથી વધુ ખાતામાં જમા કરવામાં આવી હોય.

૩. નાણાકીય વર્ષમાં ૧૦ લાખ કે તેથી વધુ રકમની ટાઈમ ડિપોઝિટ (ફિક્સ ડિપોઝિટ) કોઈ વ્યક્તિના એક ખાતામાં અથવા એકથી વધુ ખાતામાં (બેન્ક/પોસ્ટ ઓફિસ વગેરેમાં) શરૂ કરવામાં આવે.

૪. ક્રેડિટ કાર્ડના બિલની ૧ લાખ કે તેથી વધુની રકમની રોકડમાં ચુકવણી કરવામાં આવે અથવા ક્રેડિટ કાર્ડના બિલની નાણાકીય વર્ષ દરમ્યાન ૧૦ લાખ કે તેથી વધુ ચુકવણી કરવામાં આવે.

૫. કોઈ કંપનીના બોન્ડ અથવા ડિબેન્ચર માટે નાણાકીય વર્ષમાં ૧૦ લાખ કે તેથી વધુ રકમની ખરીદી માટે ચુકવણી કરવામાં આવે.

૬. કોઈ કંપનીના શેર ખરીદવા માટે નાણાકીય વર્ષમાં ૧૦ લાખ કે તેથી વધુ રકમની ચુકવણી કરવામાં આવે.

૭. કોઈ પણ વ્યક્તિ પાસેથી કોઈ કંપની પોતાના શેર બાય-બેક કરે જેની ચુકવણી નાણાકીય વર્ષ દરમ્યાન ૧૦ લાખ કે તેથી વધુ કરવામાં આવી હોય.

૮. કોઈ વ્યક્તિ દ્વારા નાણાકીય વર્ષમાં ૧૦ લાખ કે તેથી વધુ રકમના મ્યુચયલ ફંડની ખરીદી કરવામાં આવી હોય.

૯. કોઈ વ્યક્તિ દ્વારા નાણાકીય વર્ષ દરમ્યાન ૧૦ લાખ કે તેથી વધુ મૂલ્યના ટ્રાવેલર્સ ચેકની ખરીદી કરવામાં આવે અથવા અથવા કોઈ આંતરરાષ્ટ્રીય કાર્ડમાં ૧૦ લાખ કે તેથી વધુ રકમનો ખર્ચ કરવામાં આવેલ હોય.

૧૦. કોઈ વ્યક્તિ દ્વારા સ્થાવર મિલકતની ખરીદી માટે ૩૦ લાખ કે તેથી વધુ રકમનો અવેજ ચૂકવવામાં આવ્યો હોય અથવા જે તેવી મિલ્કતની ખરીદી કરેલ હોય જેનું જંત્રીનું મૂલ્ય ૩૦ લાખ કે તેથી વધુ થતું હોય.



By Bhavya Popat, Advocate

૧૧. કોઈ માલ કે સેવા માટે ૨ લાખથી વધુ રકમની ચુકવણી રોકડમાં કરવામાં આવે.

ઉપર જણાવેલ વ્યવહારો કોઈ વ્યક્તિ દ્વારા કરવામાં આવે ત્યારે તેને ઈન્કમ ટેક્સ નોટિસ આવવાની સંભાવના રહેતી હોય છે. મારા અંગત અનુભવ પ્રમાણે ઉપર પૈકી જે વ્યવહારોમાં સૌથી વધુ કરદાતાઓ દ્વારા ભૂલો થતી હોય છે તે વ્યવહારો વિષે વિગત વાર માહિતી આપવા નીચે પ્રયાસ કરવામાં આવ્યો છે.

### બેન્કના ખાતામાં કરવવામાં આવતી મોટી રકમની ડિપોઝિટ

**કરંટ ખાતા**

સામાન્ય રીતે બેન્ક ખાતામાં મોટી રકમ જમા કરાવવાના કારણે અનેક નોટિસ ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેંટ તરફથી આપવામાં આવતી હોય છે. કોઈ કરંટ ખાતામાં નાણાકીય વર્ષમાં ૫૦ લાખ કે તેથી વધુ રકમ જમા કરાવવામાં આવે અથવા ૫૦ લાખ કે તેથી વધુ રકમ નાણાકીય વર્ષ દરમ્યાન ઉપાડ કરવામાં આવે ત્યારે બેન્ક દ્વારા ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેંટને જે તે વ્યક્તિના PAN અને વ્યવહારની માહિતી પૂરી પાડવાની થતી હોય છે. આ બાબતે એ જાણવું જરૂરી છે કે આ રોકડ જમા તથા ઉપાડની રકમ એ તેના તમામ ખાતા માટે ગણવાની રહે છે. હાલ, જ્યારે સમગ્ર દેશની તમામ બેન્કોની સિસ્ટમ એક બીજા સાથે જોડાયેલ ના હોય હાલ માત્ર જે તે બેન્કની તમામ બ્રાન્ચ માટે આ રકમની મર્યાદા લાગુ થઈ રહી છે. ઉદાહરણ તરીકે જો કોઈ વ્યક્તિ સ્ટેટ બેન્ક ઓફિ ઈન્ડિયાની અમદાવાદ શાખાના પોતાના કરંટ ખાતામાં ૨૫ લાખ જમા કરાવે અને ત્યારે બાદ થોડા દિવસ પછી તે જ નાણાકીય વર્ષમાં પોતાના અન્ય એક સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા ઉનાના કરંટ ખાતા વધુ ૨૫ લાખ જમા કરાવે ત્યારે આ સંજોગોમાં પણ બેન્ક દ્વારા આ વ્યવહાર અંગે ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેંટને જાણ કરવામાં આવશે.

**ફિક્સ ડિપોઝિટ**

કોઈ વ્યક્તિ નાણાકીય વર્ષ દરમ્યાન ૧૦ લાખ કે તેથી વધુ રકમની ટાઈમ ડિપોઝિટ (જેને સામાન્ય રીતે ફિક્સ ડિપોઝિટ તરીકે ઓળખવામાં આવે છે) કરાવે ત્યારે આ અંગેની જાણ પણ બેન્ક અથવા પોસ્ટ ઓફિસ દ્વારા ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેંટને કરવામાં આવતી હોય છે. જો કે આ ફિક્સ ડિપોઝિટની રકમની ગણતરી કરવામાં જે ફિક્સ ડિપોઝિટ રિન્યૂ કરવામાં આવી હોય તેનો સમાવેશ કરવામાં આવશે નહીં.

**કરંટ કે ફિક્સ ડિપોઝિટ સિવાયના ખાતા (સેવિંગ ખાતું, રિકરિંગ ડિપોઝિટ ખાતું વી)**

કોઈ વ્યક્તિ જ્યારે કરંટ ખાતા, ફિક્સ ડિપોઝિટ ખાતા સિવાયના ખાતામાં એટલેકે સેવિંગ્સ ખાતા જેવા ખાતામાં ૧૦ લાખ કે તેથી વધુ રકમ રોકડમાં જમા કરાવે ત્યારે આ અંગેની માહિતી જે તે બેન્ક અથવા પોસ્ટ ઓફિસ દ્વારા ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેંટને આપવામાં આવતી હોય છે. આ પ્રકારના ખાતાઓમાં સેવિંગ બેન્ક ખાતું (બચત બેન્ક ખાતું), રિકરિંગ ડિપોઝિટ, કેશ ક્રેડિટ ખાતું (CC ખાતું), લોન ખાતું વગેરેનો સમાવેશ થતો હોય છે. આ બાબતે એ જાણવું જરૂરી છે કે આ રોકડ જમા રકમ એ તે વ્યક્તિના તમામ ખાતા માટે ગણવાની રહે છે. હાલ, જ્યારે સમગ્ર દેશની તમામ બેન્કોની સિસ્ટમ એક બીજા સાથે જોડાયેલ ના હોય હાલ માત્ર જે તે બેન્કની તમામ બ્રાન્ચ માટે આ રકમની મર્યાદા લાગુ થઈ રહી છે. ઉદાહરણ તરીકે જો કોઈ વ્યક્તિ સ્ટેટ બેન્ક ઓફિ ઈન્ડિયાની અમદાવાદ શાખામાં ૫ લાખ જમા કરાવે અને ત્યારબાદ થોડા દિવસ પછી એ નાણાકીય વર્ષમાં પોતાના અન્ય એક સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા ઉનાના સેવિંગ ખાતા વધુ ૫ લાખ જમા કરાવે ત્યારે આ સંજોગોમાં પણ બેન્ક દ્વારા આ અંગે ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેંટને આ વ્યવહારની જાણ કરવામાં આવશે.

### આ પ્રકારના વ્યવહાર થયેલ હોય તો શું તકેદારી લેવી છે જરૂરી?

જ્યાં સુધી શક્ય હોય આ પ્રકારના વ્યવહારથી દૂર રહેવું જરૂરી છે. જો આ પ્રકારે કોઈ વ્યવહાર થયેલ હોય તો જે તે વર્ષ માટેનું ઈન્કમ ટેક્સ રિટર્ન અચૂક ભરી આપવું જોઈએ. આ રિટર્ન ભરવાં માટે કોઈ નિષ્ણાંત એડવોકેટ, CA કે ટેક્સ પ્રેકટિશનરની સલાહ લેવી ઉપયોગી બને. જો કોઈ જૂના વર્ષ માટે આ પ્રકારે વ્યવહાર થયેલ હોય જેના માટે રિટર્ન ભરવાની સમય મર્યાદા વીતી ગઈ હોય તેવા સંજોગોમાં ટેક્સ પ્રોફેશનલની સલાહ લઈ યોગ્ય પગલાં લેવામાં આવે તે જરૂરી છે. જો કે આ પ્રકારના વ્યવહારો કરવામાં આવ્યા હોય અને કરદાતા નિયમિત રીતે પોતાનું આવક વેરા રિટર્ન ભરતા હોય તો તેમને ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેંટ તરફથી આવા વ્યવહારો માટે પણ નોટિસો આવવાની સંભાવના ઓછી રહેતી હોય છે. આમ, આ પ્રકારના વ્યવહાર કરતાં વ્યક્તિઓએ ઈન્કમ ટેક્સ રિટર્ન નિયમિત ભરવું જરૂરી છે. જે વ્યક્તિ ઈન્કમ ટેક્સ રિટર્ન નથી ભરતા તેઓના માટે ઉપરની વિગતો અંગેની માહિતી મેળવી આવા વ્યવહારથી દૂર રહેવું જ હિતાવહ છે. કહેવાય છે ને Prevention is better than Cure!!!

ઈન્કમ ટેક્સ હેઠળ નોટિસ આવે ત્યારે વ્યક્તિ તાણ અનુભવતો હોય છે તે સામાન્ય બાબત છે. એક ટેક્સ એડવોકેટ તરીકેની પ્રેક્ટિસ દરમ્યાન અમારી સામે અવારનવાર એવા કેસ આવતા હોય છે જ્યાં ઈન્કમ ટેક્સ નોટિસ આવવાના

continue on page 3➢

(આ અખબાર પ્રકાશિત કરવામાં શક્ય તેટલી કાળજી લેવામાં આવેલ છે. છતાં આ લેખનાં વિચારો લેખકોના અંગત મંતવ્યો પર આધાર રાખે છે. ટેક્ષ ટુડે માલિક અથવા તંત્રી આ અંગે કોઈ રીતે જવાબદાર રહેતા નથી.

કારણે વ્યક્તિએ ખાવા-પીવાનું તથા આરામ છોડી દીધેલ હોય. ઈન્કમ ટેક્સ કાયદા હેઠળ અમુક ભૂલો એવી હોય છે જે થઈ જાઈ પછી તેનો કોઈ ઈલાજ નથી અને આ ભૂલો વ્યક્તિઓ માટે ખૂબ મુશ્કેલ સાબિત થતી હોય છે. આજે આ લેખમાં એવી ભૂલો વિષે સામાન્ય લોકોને માહિતી આપવા પ્રયાસ કર્યો છે. ઈન્કમ ટેક્સ હેઠળ અલગ અલગ પ્રકારની નોટિસ આપવામાં આવતી હોય છે. પરંતુ આકારણી તથા ફેર આકારણીની નોટિસો ઈન્કમ ટેક્સ અન્વયે સૌથી ગંભીર નોટિસો ગણવામાં આવતી હોય છે. આ આકારણી અને ખાસ કરીને ફેરઆકારણીની નોટિસ સામાન્ય રીતે એવા કરદાતાને આપવામાં આવતી હોય છે જેણે ઈન્કમ ટેક્સ હેઠળ અમુક એવા વ્યવહારો કર્યા છે જે વ્યવહારો અંગેની જાણ નિયત વ્યક્તિ/સંસ્થા દ્વારા ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેંટને કરવી ફરજિયાત હોય છે. આવા વ્યવહાર કર્યા હોય અને જે તે વર્ષનું ઈન્કમ ટેક્સ રિટર્ન કરદાતા દ્વારા ભરી આપવામાં આવ્યું હોય તો નોટિસ આવવાની શક્યતા ઓછી રહેતી હોય છે. પરંતુ આ પ્રકારે નિયત વ્યવહાર કર્યા હોવા છતાં તે વર્ષ માટે ઈન્કમ ટેક્સ રિટર્ન ભરવામાં ના આવે ત્યારે ઈન્કમ ટેક્સ હેઠળ આકારણી/ફેરાકારણી માટેની નોટિસ કરદાતાને આપવામાં આવતી હોય છે. અગાઉ આકારણી વર્ષના છ વર્ષ સુધી ફેર આકારણી માટેની નોટિસો આપવામાં આવતી હતી. આ સમય મર્યાદામાં સુધારો કરી ૦૧ એપ્રિલ ૨૦૨૧ બાદ આ પ્રકારે ફેર આકારણીની નોટિસ આપવાની સમય મર્યાદા જે તે આકારણી વર્ષથી ત્રણ વર્ષ કરી આપવામાં આવી છે.

ઈન્કમ ટેક્સ ફેર આકારણીની નોટિસથી દૂર રહેવા નીચેના વ્યવહારો વિષે સમજણ મેળવવી ખૂબ જરૂરી છે.

### રોકડમાં બેન્ક ડ્રાફ્ટ બનાવવાના વ્યવહારો

કોઈ વ્યક્તિ દ્વારા કોઈ બેન્કમાંથી એક નાણાકીય વર્ષમાં ૧૦ લાખ કે તથી વધુ રકમના ડિમાન્ડ ડ્રાફ્ટ કે પે ઓર્ડર રોકડમાં ચુકવણી કરી બનાવવામાં આવ્યા હોય ત્યારે આ પ્રકારના વ્યવહારોની જાણ બેન્ક દ્વારા ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેંટને કરવામાં આવતી હોય છે. આ કારણે જ મોટાભાગની બેન્ક રોકડમાં ડિમાન્ડ ડ્રાફ્ટ બનાવવાની સગવડ આપતી હોતી નહીં.

ઘણી વાર એવું ધ્યાને આવતું હોય છે કે કોઈ વ્યક્તિ દ્વારા પોતાની એક બેન્કના ખાતામાંથી મોટી રકમ ઉપાડી પોતાના અન્ય બેન્ક ખાતામાં રોકડ સ્વરૂપે જમા કરાવવામાં આવતી હોય છે. આ પ્રકારના વ્યવહાર એ અજ્ઞાનતાના કારણે કરવામાં આવતા હોય છે પરંતુ આવા કારણોસર પણ તેઓ ઈન્કમ ટેક્સની કાર્યવાહીના શિકાર બની જતાં હોય છે. જ્યારે એક ખાતામાં થી અન્ય ખાતામાં કોઈ રકમ તબદીલ કરવાની થતી હોય ત્યારે શક્ય હોય ત્યાં સુધી આ રકમ ચેક કે ઓનલાઈન ટ્રાન્સફર દ્વારા કરવી હિતાવહ છે.

### ક્રેડિટ કાર્ડના બિલ માટે કરવામાં આવતી ચુકવણી

કોઈ પણ કંપનીના ક્રેડિટ કાર્ડના કોઈ બિલની ચુકવણી જ્યારે એક લાખ કે તેથી વધુ રકમ રોકડમાં કરવામાં આવે ત્યારે ક્રેડિટ કાર્ડ જે કંપની દ્વારા આપવામાં આવ્યું હોય તે કંપનીએ ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેંટને આ વ્યવહારની જાણ કરવાની રહેતી હોય છે. આવી રીતે જ્યારે કોઈ ક્રેડિટ કાર્ડ માટે વર્ષ દરમ્યાન ૧૦ લાખ કે તેથી વધુ રકમની ચુકવણી કરવામાં આવી હોય ત્યારે પણ ક્રેડિટ કાર્ડ જે કંપની દ્વારા આપવામાં આવ્યું હોય તે કંપનીએ ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેંટને આ વ્યવહારની જાણ કરવાની રહેતી હોય છે.

ક્યારેક અજ્ઞાનતામાં કે ક્રેડિટ કાર્ડ પરનું વ્યાજ બચાવવા કોઈ વ્યક્તિ દ્વારા પોતાના ક્રેડિટ કાર્ડના મોટા બિલની ચુકવણી રોકડમાં કરવામાં આવતી હોય છે. આવા વ્યવહારના કારણે પણ તેઓ ક્યારેક ઈન્કમ ટેક્સની તપાસના ભોગ બની જતાં હોય છે.

### મ્યુચ્યલ ફંડની ખરીદી

કોઈ વ્યક્તિ દ્વારા નાણાકીય વર્ષ દરમ્યાન ૧૦ લાખ કે તેથી વધુ રકમની મ્યુચ્યલ ફંડની ખરીદી કરવામાં આવતી હોય છે ત્યારે પણ આ કંપની દ્વારા ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેંટને આ અંગે જાણ કરવામાં આવતી હોય છે. પરંતુ આ ૧૦ લાખની મર્યાદાની ગણતરી કરવામાં કોઈ મ્યુચ્યલ ફંડની એક સ્કીમમાંથી અન્ય સ્કીમમાં ફંડ તબદીલ કરવામાં આવેલ હોય તે રકમનો સમાવેશ કરવામાં આવશે નહીં.

### સ્થાવર મિલ્કતની ખરીદી

કોઈ વ્યક્તિ દ્વારા કોઈ સ્થાવર મિલ્કત જેવી કે જમીન, મકાન, ફ્લેટ વગેરેની ખરીદી કરવામાં આવેલ હોય અને આ સ્થાવર મિલ્કત સંદર્ભે ચુકવવાના થતાં અવેજની રકમ ૩૦ લાખ કે તેથી વધુ હોય તો આવી સ્થાવર મિલ્કતની ખરીદી અંગેની વિગત સબ રજીસ્ટ્રાર (જ્યાં દસ્તાવેજની નોંધણી થાય) કચેરી દ્વારા ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેંટને મોકલવાની રહેતી હોય છે. આ ઉપરાંત એવી સ્થાવર મિલ્કત ખરીદીની વિગત કે જેમાં અવેજની રકમ ઓછી હોય પરંતુ જંત્રીની કિમત (રાજ્ય સરકાર દ્વારા સ્ટેમ્પ મૂલ્યાંકન માટેની કિમત) ૩૦ લાખ કે તથી વધુ હોય ત્યારે પણ સબ રજિસ્ટ્રાર કચેરી દ્વારા વિગતો ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેંટને આપવામાં આવતી હોય છે.

સ્થાવર મિલ્કત બાબતે એક વાત ખાસ યાદ રાખવી જરૂરી છે કે આ મિલ્કત માટે અવેજની રકમ જંત્રીના મૂલ્યથી ઓછું ના દર્શાવવામાં આવે. જો અવેજની રકમ જંત્રી મૂલ્યથી ઓછી દર્શાવવામાં આવેલ હોય તો આ બાબતે ખરીદનાર તથા વેચનાર બંને માટે મુશ્કેલી થઈ શકે છે.

### આ પ્રકારના વ્યવહાર થયેલ હોય તો શું તકેદારી લેવી છે જરૂરી?

જ્યાં સુધી શક્ય હોય આ પ્રકારના વ્યવહારથી દૂર રહેવું જરૂરી છે. જો આ પ્રકારે કોઈ વ્યવહાર થયેલ હોય તો જે તે વર્ષ માટેનું ઈન્કમ ટેક્સ રિટર્ન અચૂક ભરી આપવું જોઈએ. આ રિટર્ન ભરવાં માટે કોઈ નિષ્ણાંત એડવોકેટ, CA કે ટેક્સ પ્રેકટિશનરની સલાહ લેવી ઉપયોગી બને. જો કોઈ જૂના વર્ષ માટે આ પ્રકારે વ્યવહાર થયેલ હોય જેના માટે રિટર્ન ભરવાની સમય મર્યાદા વીતી ગઈ હોય તેવા સંજોગોમાં ટેક્સ પ્રોફેશનલની સલાહ લઈ યોગ્ય પગલાં લેવામાં આવે તે જરૂરી છે. જો કે આ પ્રકારના વ્યવહારો કરવામાં આવ્યા હોય અને કરદાતા નિયમિત રીતે પોતાનું આવક વેરા રિટર્ન ભરતા હોય તો તેમને ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેંટ તરફથી આવા વ્યવહારો માટે પણ નોટિસો આવવાની સંભાવના ઓછી રહેતી હોય છે. આમ, આ પ્રકારના વ્યવહાર કરતાં વ્યક્તિઓએ ઈન્કમ ટેક્સ રિટર્ન નિયમિત ભરવું જરૂરી છે. જે વ્યક્તિ ઈન્કમ ટેક્સ રિટર્ન નથી ભરતા તેઓના માટે ઉપરની વિગતો અંગે ની માહિતી મેળવી આવા વ્યવહારથી દૂર રહેવું જ હિતાવહ છે. કહેવાય છે ને Prevention is better than Cure!!!

**(આ લેખ જાણીતા દૈનિક ફૂલછાબની વ્યાપારભૂમિ પૂર્તિમાં તા.૩૦.૧૨.૨૦૨૪ અને તા. ૦૬ જાન્યુઆરી ૨૦૨૪ના રોજ પ્રકાશિત થયેલ છે.)**

# E-Way Bill અને E-Invoice Systemમાં Multi Factor Authentication બાબતે આવેલ એડવાઈઝરીની સરળ ભાષામાં સમ



By Prashant Makwana, Advocate

Multi-Factor Authentication અથવા 2-Factor Authentication ઘણા સમયથી E-Way Bill અને E-Invoice Systemમાં છે જ. ૦૧/૦૪/૨૦૨૫થી બધા ટેક્ષ પેયરને 2-Factor Authentication લાગુ થવા જય રહ્યું છે ત્યારે આ બાબતે આવેલ એડવાઈઝરી ની સરળ ભાષામાં સમજુતી આ આર્ટીકલ માં આપવામાં આવી છે.

- 2-Factor Authentication અથવા Multi-Factor Authentication
- E-Way Bill અને E-Invoice Systemમાં લોગીન આપણે ID/PWથી કરી છી તે ૧ પ્રકારનું Authentication થયું. બેંકની વેબસાઈટ અથવા બીજી ઘણી બધી વેબસાઈટમાં આપણે જોવી છી કે ID/PWની સાથે OTP (One Time Password) પણ એન્ટર કરવો પડે છે. OTP એન્ટર કરીએ તે બીજા પ્રકારનું Authentication થયું કહેવાય આમ ID/PW અને OTPથી લોગીન કરી તે 2-Factor Authentication કહેવાય.
- ૧૦૦ કરોડથી વધારે ટર્નઓવર ધરાવતા કરદાતા માટે 2-Factor Authentication 20th Aug-2023 થી ફરજીયાત છે.
- ૨૦ કરોડ થી વધારે ટર્નઓવર ધરાવતા કરદાતા માટે 1st January-2025 થી 2-Factor Authentication ફરજીયાત છે.
- ૫ કરોડ થી વધારે ટર્નઓવર ધરાવતા કરદાતા માટે 1st February-2025 થી E-Way Bill અને E-Invoice Systemમાં 2-Factor Authentication ફરજીયાત થશે.
- 1st April-2025 થી બધા જ ટેક્ષ પેયર માટે 2-Factor Authentication E-Way Bill અને E-Invoiceની વેબ સાઈટમાં ફરજીયાત થશે.
- 1st February-2025થી ૫ કરોડ થી વધારે ટર્નઓવર ધરાવતા કરદાતા અને 1st April-2025થી બધાજ કરદાતા માટે 2-Factor Authentication ફરજીયાત થવા જય રહ્યું છે. ત્યારે બધા જ કરદાતા એ GST પોર્ટલ પર પોતાના મોબાઈલ નંબર અને E-mail ID અપડેટ કરી દેવા હિતાવહ છે.

## લીઝ તબદીલ કરવા મળેલ રકમ...

(અનુસંધાન પાના ૪થી શરૂ...)

કોર્ટના અલગ અલગ ચુકાદાઓ ટાંકી એવી રજૂઆત કરવામાં આવી હતી કે જમીનમાંથી ઉદભાવતા લાભો પણ જમીન જ કહેવાય અને આ લાભો ઉપર જી.એસ.ટી. લાગી શકે નહીં.

### સરકાર તરફે દલીલ

સરકાર વતી ઉપસ્થિત વકીલ દ્વારા વિવિધ ચૂકાદાઓ અને જોગવાઈ ટાંકી દલીલ કરવામાં આવી હતી કે CGST રેઇટ નોટિફિકેશન ૧૨/૨૦૧૭ ની એન્ટ્રી ૪૧ માત્ર સરકારી નોડલ એજન્સી દ્વારા કરવામાં આવેલ લીઝ ઉપર ચૂકવવામાં આવેલ રકમને મુક્તિ આપે છે. કરદાતા આ વ્યાખ્યામાં પડતાં ના હોય તેઓને જી.એસ.ટી માંથી મુક્તિ મળે નહીં. સરકાર વતી દલીલ કરવામાં આવી હતી કે ''એક્સેમ્પશન નોટિફિકેશન''નું અર્થઘટન ''સ્ટ્રિક્ટ'' કરવાનું રહે છે.

### કોર્ટનો ચુકાદો

કોર્ટ દ્વારા સરકાર તરફેની દલીલ માં ટાકવામાં આવેલ ચૂકાદાઓની સમિક્ષા કરી શા કારણે આ ચુકાદાઓ આ કેસમાં લાગુ પડશે નહીં તેની છણાવટ કરવામાં આવી હતી. કોર્ટ દ્વારા પોતાના ચુકાદામાં નોંધવામાં આવ્યું છે કે મિલ્કત ભાડે આપવામાં અને ''લીઝહોલ્ડ'' મિલ્કતના હક્કો તબદીલ કરવામાં ભેદ છે. ''લીઝહોલ્ડ'' મિલ્કતના હક્કો તબદીલ કરવાની પ્રવૃતિ એ ભાડે આપવાની પ્રવૃતિ ગણી શકાય નહીં અને આ ''લીઝહોલ્ડ'' મિલ્કતના હક્કો તબદીલ કરવાની પ્રવૃતિ એ ''શિડ્યુલ III'' ની એન્ટ્રી ૫ હેઠળ સ્થાવર મિલ્કત વેચાણ કરવાના વ્યવહાર ગણવાના રહે. GIDC પાસે મિલ્કતની માલિકી હોવાના એક માત્ર કારણે આ વ્યવહારણે ભાડાના વ્યવહાર ગણી શકાય નહીં પરંતુ જમીન મકાન જેવી સ્થાવર મિલ્કત તબદીલના વ્યવહાર જ ગણાય. જ્યારે GIDC પાસે લીઝ ધરાવનાર વ્યક્તિ અન્ય વ્યક્તિણે આ લીઝ તબદીલ કરે છે ત્યારે કોઈ ''સબલીઝ''નો કરાર ઉપસ્થિત થતો નથી પરંતુ લીઝ ધરાવનાર વ્યક્તિ તબદીલ થી લીઝ લેનાર વ્યક્તિના નામ પર સંપૂર્ણ પણે પોતાના હક્ક તબદીલ કરી આપે છે. લીઝ ટ્રાન્સફર કરનાર કરદાતા દ્વારા લીઝ લેનાર પાસેથી જે રકમ મળે છે તે કોઈ ''પ્રીમિયમ'' સ્વરૂપે નથી પરંતુ જમીન મકાનની સ્થાવર મિલ્કત વેચાણ સંદર્ભે મળેલ અવેજ સમાન જ છે. કોર્ટ દ્વારા એ બાબત નો સ્વીકાર કરવામાં આવ્યો હતો કે CGST રેઇટ નોટિફિકેશન ૧૨/૨૦૧૭ની એન્ટ્રી ૪૧ આ વ્યવહારમાં લાગુ પડે નહીં કારણકે લીઝ તબદીલ કરનાર એ સરકાર દ્વારા સ્થાપિત ઈન્ડસ્ટ્રી ડેવલોપમેન્ટ કોર્પોરેશન નથી. પરંતુ લોંગ ટર્મ લીઝ ટ્રાન્સફર કરવા ઉપર મળેલ રકમ એ જી.એસ,ટી. કાયદાની કલમ ૭ અને ''શિડ્યુલ-III''ની એન્ટ્રી ૫ ને ધ્યાને લઈ ''બેનિફિટ એરાઈસિંગ આઉટ ઓફ ઇમમુવેબલ પ્રોપર્ટી'' ગણાય અને જી.એસ.ટી. હેઠળ સપ્લાય ગણાય નહીં. આ સાથે જ માનનીય ગુજરાત હાઈકોર્ટ દ્વારા અરજકર્તાને આપવામાં આવેલ કારણદર્શક નોટિસ, આકારણી આદેશ તથા અપીલ આદેશને રદ ઠરાવવામાં આવ્યા હતા. આ ચુકાદો ગુજરાત હાઈકોર્ટ દ્વારા આપવામાં આવતા, સરકાર તરફે ઉપસ્થિત એડવોકેટ જનરલ દ્વારા આ ચુકાદા ઉપર સ્ટેની માંગણી કરવામાં આવી હતી જે કોર્ટ દ્વારા નકરવામાં આવી હતી.

**(આ લેખ જાણીતા ગુજરાતી દૈનિક ફૂલછાબની વ્યાપારભૂમિ પૂર્તિમાં ૧૩ જાન્યુઆરીના રોજ પ્રકાશિત થયેલ છે)**

# સવાલ આપના જવાબ 'ટેક્સ ટુડે' એક્સપર્ટના



**ટેક્સ ટુડે એક્સપર્ટઃ**
**CA મોનીષ શાહ, અમદાવાદ**
**એડવોકેટ લલિત ગણાત્રા, જેતપુર**
**CA દિવ્યેશ સોઢા, પોરબંદર**

## Goods Services Tax

**અમારા અસીલ ગુડ્સ ટ્રાન્સપોર્ટ એજન્સી (GTA) તરીકે જી.એસ.ટી રજીસ્ટ્રેશન ધરાવીએ છીએ. તેઓ ટ્રાન્સપોર્ટેશન ના હેતુથી ટ્રક ભાડે રાખે છે. આ ટ્રકનો કબ્જો જે તે ટ્રકના માલિક પાસે જ રહેતો હોય છે. આ બાબતે અમારો પ્રશ્ન અમારા ઈનવર્ડ સપ્લાય બાબતે છે. શું આ પ્રકારે લેવામાં આવેલ સેવા GTAની ઈનવર્ડ સેવા ગણાય અને RCM ભરવાની જવાબદારી આવે કે નોટિફિકેશન ૧૨/૨૦૧૭ ની એન્ટ્રી 22B મુજબ કરમુક્ત ગણાય? – જે.વી. પટેલ કું., જેતપુર.**

જવાબ વ્યક્તિગત માલિકીના ટ્રક GTAને ભાડે આપવામાં આવે ત્યારે નોટિફિકેશ ૧૨/૨૦૧૭ ની એન્ટ્રી ૨૨ (b)ની એન્ટ્રીનો લાભ મળે અને આ વ્યવહાર કરમુક્ત ગણાય તેવો અમારો મત છે.

**અમારા અસીલના GSTR 1માં ટેક્સ જવાબદારીની રકમ GSTR 3B કરતાં શરતચૂક થી વધુ દર્શાવાઈ ગઈ હતી. આ ભૂલ તેઓ દ્વારા GSTR 9, 9C તથા ઈન્કમ ટેક્સ ઓડિટમાં સુધારવામાં આવેલ છે. હવે અધિકારી દ્વારા નોટિસ આપી GSTR 1 પ્રમાણે વધારાની રકમ ભરવા નોટિસ આપવામાં આવેલ છે. આ બાબતે કોઈ કરદાતાની તરફેણના ચુકાદા હોય તો જણાવવા વિનંતી.**

જવાબઃ GSTR 1 તથા 3Bના તફાવત બાબતે આપને Star Engineers (I) Pvt Ltd Vs Union of India (રિટ પિટિશન નંબર ૧૫૩૬૮/૨૦૨૩)નો બોમ્બે હાઈકોર્ટનો ચુકાદો ઉપયોગી બની શકે છે. રકમ જો મોટી હોય તો આપ આ બાબતે ગુજરાત હાઈકોર્ટમાં રિટ પિટિશન કરી આ બાબતે GSTR 1 સુધારવા દાદ માગી શકો છો તેવો અમારો મત છે.

**અમારા અસીલ મોબાઈલ ફોન ખરીદ વેચાણનો ધંધો કરે છે. સાથે સાથે તેઓ જૂના ફોન ખરીદી વેચાણનો પણ ધંધો કરે છે. શું જૂના મોબાઈલના વેચાણમાં તેઓને માર્જિન સ્કીમનો લાભ મળે? કે તેઓએ જૂના મોબાઈલની પૂરી રકમ ઉપર જ જી.એસ.ટી. ભરવાની જવાબદારી આવે? – નિમેશ પરિખ, ટેક્સ કન્સલ્ટન્ટ, જુનાગઢ**

જવાબ આપના અસીલ સેકન્ડ હેન્ડ મોબાઈલના ખરીદ વેચાણનું કામ કરતાં હોય તેઓને જી.એસ.ટી. નિયમોના નિયમ ૩૨(૫) હેઠળ માર્જિન સ્કીમનો લાભ મળે તેવો અમારો મત છે. આ શરતો બાબતે જી.એસ.ટી. ના નિયમ ૩૨(૫) જોઈ જવા વિનંતી.

## ઈન્કમ ટેક્સ

**અમારા અસીલ પાસે મોટર કાર છે. આ મોટર કાર ''પ્લાન્ટ એન્ડ મશીનરી'' ના બ્લોકમાં આવે છે. હવે તેઓ આ કારનું વેચાણ કરે છે. તેઓ પાસે બીજી કોઈ કાર નથી. તો શું આ કારનું વેચાણ અન્ય ''પ્લાન્ટ એન્ડ મશીનરી'' સાથે બ્લોકમાં ગણાય કે આ કારના વેચાણ ઉપર ઉદભવેલ કેપિટલ ગેંઈન ભરવાની જવાબદારી આવે? – કોલીપરા સુંદરીયા, પોન્નુર**

જવાબઃ ના, આપના અસીલ દ્વારા બ્લોકમાં રહેલ કારનું વેચાણ એ બ્લોકનો એક ભાગ જ ગણાય અને બ્લોક જ્યાં સુધી શૂન્ય ના થાય અને ત્યાર બાદ રકમ વધે નહીં ત્યાં સુધી કેપિટલ ગેંઈન ભરવાની જવાબદારી આવે નહીં તેવો અમારો મત છે.

**મારા અસીલ ભારતીય નાગરિક છે એમને y 23-24ના ફક્ત માર્ચ મહિનાની salary સિંગાપુરમાં મળેલ છે. તેમને ઈન્ડિયામાં પોતાનું ઈનકમ ટેક્સ રિટર્ન સમયસર ફાઈલ કરેલ છે જેની સાથે તેમને foreign salary પરનો ટેક્સ પણ ભારતમાં ભરી દીધેલ છે. મારો પ્રશ્ન એ છે કે તેમને F.Y. 23-24 માટેનું Tax Residence Certificate મેળવવા માટે ક્યારે અરજી કરવી પડે?**

શું F.Y 23-24નું tax residence certificate માટેની અરજી F.Y 24-25માં કરી શકાય?

**સમય મર્યાદા માટે નું કોઈ પ્રૂફ હોય તો જણાવવા વિનંતી. ટેક્સ ઓફિસર નું કેહવુ છે કે તમે પ્રૂફ આપો તો જ અમે TRC certificate આપીશું. મારે વિદેશમાં પણ ટેક્ષ ફરીથી ભરવો ના પડે તેથી જવાબ આપવા વિનંતી**

જવાબઃ Tax Residence Certificate માટે અરજી કરવાની કોઈ સમયમર્યાદા કાયદામાં નથી તવો અમારો મત છે. આ TRC મેળવવા માટે પાસપોર્ટ, ઈન્કમ ટેક્સ રિટર્ન, PAN તથા Aadhar જેવા ડૉક્યુમેન્ટ સાથે અરજી કરવી જોઈએ તેવો અમારો મત છે.

### –:: ખાસ નોંધ ::–

૧. જી.એસ.ટી.ની જોગવાઈઓની ગંભીરતા સમજી તમામ કરદાતાઓએ ટેક્સ પ્રોફેશનલ્સની સેવા લેવી ખૂબ જરૂરી છે. એકાઉન્ટન્ટ મિત્રોને પણ ખાસ વિનંતી કે પોતે એકાઉન્ટન્ટની કામગીરી સારી રીતે બજાવતા હોય તે બાબત ખૂબ સારી કહેવાય પરંતુ ટેક્સ રિટર્ન ભરવા, ટેક્સ આકારણીમાં ઉપસ્થિત થવા, નોંધણી મેળવવા વગેરે જેવી કામગીરી જે તે કાયદાના નિષ્ણાંત પાસે કરવો તેવો ખાસ આગ્રહ કરવામાં આવે છે જેથી ભવિષ્યમાં કરદાતાને મોટી મુશ્કેલી પડે નહીં.

૨. જી.એસ.ટી. અંગે ના દર વિષે અભિપ્રાય આપવો ખૂબ મુશ્કેલ ગણાઈ. કારણકે જી.એસ.ટી. હેઠળ માલ તથા સેવાનો દર ઘણા પરિબળો પર નિર્ભર કરતો હોય છે. વેરાના દર અંગેના અભિપ્રાય માત્ર સામાન્ય સંજોગો મુજબ આપવામાં આવેલ છે. આ અંગે આપ એડ્વાન્સ રૂલિંગ દ્વારા ચોક્કસ દર જાણી શકો છો.

૩. અમારા એક્સપર્ટ ટેક્સ ટુડે ને આ સેવા વાચકો ના લાભાર્થે આપે છે. તમામ વાચકો ને વિનંતી કે પોતાના પ્રશ્નો ટેક્સ ટુડે ને નીચે આપેલ ઇ મેઈલ પર મોકલે. કોઈ પણ સંજોગો માં વાચકો ને વિનંતી કે એક્સપર્ટ્સ નો સીધો સંપર્ક બિનવ્યવસાયી રીતે ના કરવો.

આ કૉલમ અંતર્ગત આપના પ્રશ્નો પૂછવા આપ અમને taxtodayuna@gmail.com પર ઇ મેઈલ કરી શકો છો. આપના પ્રશ્નોના જવાબ શક્ય એટલા જલ્દી લેવા પ્રયાસ કરવામાં આવશે.

**ડિસ્ક્લેમરઃ** આ કૉલમ 'ટેક્સ ટુડે'ના એક્સપર્ટ દ્વારા શક્ય તમામ કાળજી રાખી કાયદા ના પોતાના અભિપ્રાય ઉપર આપવામાં આવેલ છે. છતાં આ અભિપ્રાય તેઓના અંગત અભિપ્રાય છે. કોઈ કેસ માં તેનો ઉપયોગ કરવો કે ના કરવો તે વાચકો ના અંગત મંતવ્યો ઉપર આધારિત છે.

# લીઝ તબદીલ કરવા મળેલ રકમ ઉપર જી.એસ.ટી. લાગુ પડે નહીં ગુજરાત હાઈકોર્ટ

માનનીય ગુજરાત હાઈકોર્ટ દ્વારા જાન્યુઆરી માસની શરૂતમાં એટલેકે ૦૩ જાન્યુઆરી ૨૦૨૫ ના રોજ એક ખૂબ મહત્વપૂર્ણ ચુકાદો આપી વેપાર જગત માટે ખરેખર Happy New Year કહી શકાય તેવી કરી આપી છે. ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ અને અન્ય વિરુદ્ધ યુનિયન ઓફ ઈન્ડિયા અને અન્ય (સ્પેશિયલ સિવિલ એપ્લીકેશન ૧૧૩૩૫/૨૦૨૩) નો ચુકાદો આપતા માનનીય ગુજરાત હાઈકોર્ટની જસ્ટિસ ભાર્ગવ કારીયા અને જસ્ટિસ નિરલ મહેતાની ટેક્સ બેન્ચ દ્વારા ઠરાવવામાં આવ્યું છે કે ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ ડેવલોપમેન્ટ કોર્પોરેશન (GIDC) દ્વારા ફાળવવામાં આવેલ જમીન અને તેના ઉપર લીઝ લેનાર દ્વારા કરવામાં આવેલ બાંધકામ અન્ય વ્યક્તિને તબદીલ કરવામાં આવે તો આ તબદીલ પેટે મળેલ રકમ ઉપર જી.એસ.ટી. લાગુ પડે નહીં.




### કેસના તથ્યો

આ મુદ્દા ઉપર ઘાણી રીટ પિટિશન માનનીય ગુજરાત હાઈકોર્ટમાં દાખલ કરવામાં આવી હતી. આ તમામ પિટિશનને સાથે સાંભળવામાં આવી હતી. આ પિટિશન પૈકી ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝની પિટિશનને કોર્ટ દ્વારા ''લીડ'' મેટર ગણવામાં આવી હતી. આ કેસના તથ્યો એવા હતા કે ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ ડેવલોપમેન્ટ કોર્પોરેશન (GIDC)એ ગુજરાત સરકાર વતી ઉદ્યોગોના પ્રોત્સાહન માટે કામ કરતી નોડલ એજન્સી છે. આ અજન્સી રાજયમાં ઉદ્યોગ માટે જરૂરી જમીનનું સંપાદન કરી તેને વિકસિત કરી નિર્ધારિત પદ્ધતિ દ્વારા ઉદ્યોગને આ જમીન લાંબાગાળાના લીઝ ઉપર આપે છે. GIDC દ્વારા ૯૯ વર્ષના ભાડા પટ્ટે ઉદ્યોગોને આ જમીન આપવામાં આવે છે. ૯૯ વર્ષની આ લીઝ અંગે યોગ્ય સ્ટેમ્પ ડ્યૂટી ભરી લીઝ ડિડની નોંધણી કરવવામાં આવે છે. આ લીઝડિડમાં જે તે લીઝ ધારકને લીઝ સમયગાળા દરમ્યાન અન્ય વ્યક્તિને લીઝ તબદીલ કરવાના અધિકાર આપવામાં આવ્યા છે. જો કે આ બાબતે GIDCની પરવાનગી લેવી જરૂરી હોય છે. ૦૧ જુલાઈ ૨૦૧૭ થી જી.એસ.ટી. અમલમાં આવતા આ પ્રકારે તબદીલ કરવામાં આવેલ ''લીઝહોલ્ડ'' જમીન ઉપર શા માટે ૧૮% જી.એસ.ટી. લાગુ ના પાડવો તે અંગે મોટા પ્રમાણમા કરદાતાઓને કારણદર્શક નોટિસ આપવામાં આવી હતી. આ નોટિસ સામે અરાજકારતા ગુજરાત ચેમ્બર દ્વારા વારંવાર જી.એસ.ટી. ડિપાર્ટમેંટને ''લીઝહોલ્ડ'' જમીન ઉપર જી.એસ.ટી. ના લાગે તે અંગે ખુલાસો કરવાં વિનંતી કરવામાં આવી હતી. જો આ ''લીઝહોલ્ડ'' જમીન તબદીલ ઉપર જી.એસ.ટી. લાગે તો તે અંગેની ક્રેડિટ માટે તે બાબતે ખુલાસો કરવાં પણ રજૂઆતો કરવામાં આવી હતી. આ રજૂઆતો બાબતે કોઈ ખુલાસા બહાર પાડવામાં ના આવ્યા હોય અરજકર્તા દ્વારા આ મુદ્દા ઉપર આ રિટ પિટિશન કરવામાં આવેલ છે.

### કરદાતા તરફે દલીલ

કરદાતા તરફે જી.એસ.ટી. કાયદાની ''ડેફીનેશન'' અંગેની કલમ ૨(૧૭) ''બિઝનેસ'', ૨(૫૨) ''ગુડ્સ'', ૨(૧૦૨) ''સર્વિસ'' થી માંડી જી.એસ.ટી. કાયદાની કલમ ૭ સાથે ''શિડ્યુલ III'' બંધારણના અનુછેદ 246A વિષે અભ્યાસ કરી દલીલ કરવામાં આવી હતી કે ''લીઝહોલ્ડ'' જમીન ઉપર જી.એસ.ટી. લાગુ પડી શકે નહીં. કરદાતાઓ તરફે દલીલ કરવામાં આવી હતી કે જી.એસ.ટી. કાયદાની કલમ ૭(૨) હેઠળ ''શિડ્યુલ III'' માં સૂચવવામાં આવેલ કર્યો આ કાયદા હેઠળ ના તો માલ ગણાશે ના તો સેવા. આ ''શિડ્યુલ III''ની એન્ટ્રી ૫માં ''સેલ ઓફ લેન્ડ'' નો સમાવેશ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત જી.એસ.ટી. કાયદા હેઠળ બહાર પાડવામાં આવેલ CGST રેઈટ નોટિફિકેશન ૧૨/૨૦૧૭, તા. ૨૮.૦૬.૨૦૧૭ ની એન્ટ્રી ૪૧નો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો જે એન્ટ્રી દ્વારા સ્પષ્ટ રીતે રાજ્ય સરકાર ઔધ્યોગિક વિકાસના કામ કરતાં એકમો દ્વારા ઉદ્યોગોને આપવામાં આવતા પ્લોટ ઉપર ભરવાના થતી રકમ ઉપર જી.એસ.ટી. "Nil" રહેશે તેવી સ્પષ્ટતા કરવામાં આવી છે તેવી દલીલ પણ રજૂ કરવામાં આવી હતી. કરદાતાઓ વતી ઉપસ્થિત વકીલો દ્વારા વિવિધ

(અનુસંધાન ૩જા પાને)

◆ Year: 9 ◆ Issue No.03 ◆ Continue Issue No.98 ◆ Date: 18/01/2025, Saturday, ◆ Page-4, ◆ Retail Price: 20/-, ◆ Annual Subscription Rs.200/- (With Courier Rs.300/-) ◆ Owned & Published by: Bhavya Dipakbhai Popat, ◆ Published at: 202-203, Dhruv Complex, Opp. Police Quaters, Una, Dist. Gir Somnath. ◆ Editor: Bhavya Dipakbhai Popat ◆ Printed at : Prathamesh Offset, Gondra Chowk. Una.